# સુરેન્દ્રનગર જિલ્લાના કાલાસરના ત્રણ દિકરીઓના અંધ પિતાની કરૂણ કથા

## દિલ્હી જઈને માનવ અધિકાર આયોગના દ્વાર ખખડાવશે : દેશ મુકિત માટે રાષ્ટ્રપતિને બહિષ્કાર પત્ર લખ્યો

પ્રાંતિજ, તા. ૭

સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના કાલાસર ગામમાં રહેતાં ત્રણ પુત્રીઓના અંધ પિતા પોતાની ત્રણ બાળકીઓ સાથે રોટી, કપડાં, મકાનની માંગ સાથે પગપાળા તેવો દિલ્હી જવાં નિકળ્યા છે અને ૧૩ દિવસે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે



પહોચ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના કાલાસર ગામે રહેતા ગેલાભાઈ મેઘજીભાઈ પરમાર કે જેવો પોતે અંધ છે અને તેવો પોતે કોઈ કામ ધંધો કે રોજગારી સાથે સંકળાયેલા નથી અને તેવો તા.૧૯-૨-૨૦૧૭ને રવિવારના રોજ તેમની ત્રણ પુત્રીઓ સાથે પગે ચાલતા દિલ્હી જવા નિકળ્યા છે. અને ગેલાભાઈની ત્રણેય પુત્રીઓ અભ્યાસ કરે છે જેમાં પ્રથમ પુત્રી ખુશાલી ધોરણ-૯ બીજી પુત્રી હિમાશી ધોરણ-૫ અને ત્રીજી પુત્રી ફિરાગી ધોરણ-૨ માં અભ્યાસ કરે છે પણ છેલ્લાં ૧૫ વર્ષથી ધંધો રોજગાર ના મળતાં તેવો રોટી, કપડાં, મકાનની માંગ સાથે સ્થાનિક તાલુકા કક્ષાએ રજુઆતો કરવા છતાં અને ઉપલા લેવલે રજુઆત કરવા છતાં અને કેટલાય મંત્રીઓને રજુઆત કરવા છતાં પણ આજદિન કોઈ ફળ મલ્યુ નથી અને તાલુકા પંચાયત ખાતે ધરણાં ઉપર પણ બેઠા છતાં આજદિન સુધી લાભ મલ્યો નથી જેથી રોટી, કપડાં, મકાન સહિતની સહાય સરકાર તરફથી ના મળતા તેવોએ રાષ્ટ્રપતિને પણ પત્ર લખીને દેશમાંથી મુક્તિ મેળવવા પત્ર લખ્યો છે જયારે તેવો માનવ અધિકાર આયોગ દિલ્હી ખાતે પણ છેલ્લા ચાર માસથી પત્રો લખ્યા છે પણ તેવોને આજદિન સુધી કાઈ જવાબ મલ્યો નથી ત્યારે તેવો પોતે પોતાની દિકરીઓ સાથે ભારત મુકત કરવા માંગ સાથે હાલ દિલ્લી જવા રવાના થયા છે ત્યારે ૩-૩-૨૦૧૭ને શુક્રવાર ના રોજ ૧૩ દિવસે પગપાળા ચાલીને પોતાની ત્રણ દિકરીઓ સાથે પ્રાંતિજ ખાતે આવી પહોચ્યા હતાં ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું ગેલાભાઈને સરકાર તરફથી સુવિધાઓ મળશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું ત્યારે હાલ તો દેશમુકિતની માગ સાથે ત્રણ પુત્રીઓ સાથે ચાલતી પકડી છે. ત્યારે દિલ્હીમાં તેમનુ કોઈ સાંભળશે કે કેમ એ પણ જોવાનું રહ્યું.



## ભુતેડી ગામે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

પાલનપુર તાલુકા ના ભુતેડી ગામ ખાતે જાગૃતિ મહિલા અને બાળ વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કમલ વિદ્યામંદિર માધ્યમિક શાળા ધોરણ ૧૦ ના વિધાર્થીઓનું વિદાય સમારંભ યોજાયું હતું આગામી ૧૫ માર્ચ ના રોજ યોજનાર પરીક્ષા ના શાળા ના વિધાર્થીઓ ભયમુકત પરીક્ષા આપે તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામના પાઠવમાં આવી હતી શાળા ના ૪૩ વિધાર્થીઓને કુમ કુમ તિલક કરી પરીક્ષા માં સફળ પરિણામ માટે શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે ભુતેડી ગામ ના સરપંચ રમેશભાઈ રાતડા ,તેમજ અતિથિ વિશેષ તરીકે અરવિંદભાઈ રાવલ ,મહેશભાઈ પ્રજાપતિ ,ભીખભાઈ ભૂતડીયા ,મોતીભાઈ લોહ તેમજ શાળા પરિવાર મોટી સંખ્યા માં હાજર રહયા હતા.

# તલોદ પ્રાંતિજના પ્રજાલક્ષી પ્રશ્નોની ધારાસભ્યની ધારદાર રજુઆત

તલોદ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ-પ્રાંતિજ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા પ્રજાલક્ષી અનેક રજૂઆતો કરીને કેટલીક યોગ્ય માગણીઓ ક્યાંક ધારદાર રીતે તો, ક્યાંક આક્રોશ સાથે રજૂ કરી હતી. જેમાં ખેડૂતોને સિંચાઈનું પાણી પર્યાપ્ત માત્રામાં પુરૂ પાડવા તથા ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ આપવા રજૂઆત કરી હતી. તદ્ ઉપરાંત બેરોજગારોને રોજગારીની તક પુરી પાડવા, દારૂબંધીના કડક કાયદાનો અમલ કરવા તથા દિવ્યાંગોને શિક્ષણ સંસ્કાર પુરૂ પાડતા કર્મચારીઓને યોગ્ય વેતન દર આપવા સંદર્ભે પણ માગણી કરતી રજૂઆતો કરી હતી.

ધારાસભ્ય બારૈયાએ દાવો કર્યો હતો કે ગતિશીલ-પ્રગતિશીલ ગુજરાતની ભાજપ દ્વારા વાતો કરવામાં આવે છે ત્યારે ખેડૂતોનો, ગરીબોનો કે યુવાનોનો વિકાસ થયો નથી. વિકાસ માત્ર મુડીવાદી ઉદ્યોગપતિઓનો થયો છે. જેઓને મામુલી ભાવે જમીન અને તેના ઉપર લોન પણ આપેલ છે. જ્યારેલોહી-પશીનો એક કરી ખેત ઉત્પાદનોના વેચાણ માટે ખેડૂતો બજારમાં જાય છે ત્યારે તેઓને પડતર કિંમત જેટલા પણ ભાવ મળતા નથી. જેથી કરીને બટાકા, કોબી, ફ્લાવર અને ટામેટા જેવા ઉત્પાદનો રસ્તા ઉપર નાખી

● અનુસંધાન પાના - ૭ પર



## ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં પશુઓનો અડીંગો

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં રખડતા પશુઓને કારણે દર્દીઓ અને તેમના સગાઓને મુશ્કેલી વેઠવી પડે છે. ખેડબ્રહ્મા ખાતે ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે જનરલ હોસ્પિટલનુ નવીન બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે. પરંતુ કંપાઉન્ડ ઠેર ઠેર ગંદકીના કારણે રખડતા ઢોર અંદર જ પડ્યા રહેતા હોઈ દર્દીઓને પારાવાર મુશ્કેલી પડે છે. હોસ્પિટલના દરવાજામાં જ ઉભા રહેતા ઢોરને કારણે દર્દીને લઈ જવા લાવવામાં પણ મુશ્કેલી પડે છે. ઘણીવાર રખડતા કુતરા હોસ્પિટલની અંદર આરામ કરતા નજરે પડે છે. જેથી સત્વરે રખડતા પશુઓ પર નિયંત્રણ કરી જનરલ હોસ્પિટલને સ્વચ્છ કરવામાં આવે તેવી લોક માંગણી છે.

# બાયડમાં દુકાન આગળ લારી મુકવા બાબતે વેપારી પર હુમલો કરાયો

## વેપારી સાથે મારામારી કરી દુકાનમાં લૂંટફાટ કરાઈ

બાયડ નગરમાં છેલ્લા કેટલાય સમયથી ટ્રાફીક માથાના દુખાવા સમાન સાબીત થઈ રહી છે. બાયડ નગરમાં આ ટ્રાફીક ની સમસ્યાનુ



મુખ્ય કારણ છે કે રોડ ઉપર લારી વાળાઓ એ હંગામી દબાણ કરતાં ટ્રાફીક ની સમસ્યા વિકટ બની છે. જયારે આ અંગે ૫ મહિના આગાઉ માર્ગ મકાન વિભાગ અને બાયડ નગરપાલીકા તે સમય ના પ્રમુખ વરૂણપટેલ ધ્વારા બાયડ માંથી ટ્રાફીક ની સમસ્યા દુર થાય માટે ઉતતમ પગલુ ભરી અને બાયડ બજાર માં હંગામી દબાણ કરનાર અને રોડ ઉપર લારી લઈ ને ઉભા રહી અડડો જમાવનાર લોકો સામે લાલ આંખ કરી બાયડ માંથી આ દબાણો દુર કરી અને બાયડ ની ટ્રાફીક ની સમસ્યા દુર કરી હતી.

પરંતુ થોડાક દિવસો અગાઉ પ્રમુખ વરૂણપટેલ સામે અવિસ્વાસ ની દરખાસ્ત દાખલ થતા પ્રમુખ નો ચાર્જ ઉપ પ્રમુખ જયોતી પટેલે સંભાળતા આ લારી વાળાઓ ને જાણે ફાવતુ ફાવી ગયુ હોય તેમ રોડ ઉપર છેલ્લા બે ત્રણ દિવસ થી દબાણો થવાના શરૂ થઈ ગયા છે. તયારે આજે બાયડ બસ સ્ટેરન સામે આવેલ ફુટવેર ની દુકાન ચલાવતા અતુલભાઈ પરમાર અને કમલેશ ભાઈ પરમાર ની દુકાન આગળ લારી ઉભી રાખવા માટે વિનુભાઈ વાઘરી અને તેમના પરીવાર જનો ધ્વારા વેપારી અતુલભાઈ પરમાર અને કમલેશભાઈ પરમાર ને મુઢ માર માર્યો હતો તેમજ તારા બાપની જગ્યા છે તેમ કહી બિભત્સ ગાળો બોલી હુમલો કરવામાં આવ્યો હતો જયારે વેપારી અતુલભાઈ પરમાર ના જણાવ્યા અનુસાર આ લોકો એ અમારી દુકાન માં લુટ પણ ચલાવી હતી જયારે આ લોકોના માર મારવાના કારણે કમલેશભાઈને બેઠોમાર લાગ્યો હોવાના કારણે છાતી માં દુખાવો ઉપડવાના કારણે બાયડ ની સરકારી હોસ્પીટલ માં સારવાર અર્થે ભારતી કરવામાં આવ્યા હતા જયારે આ સમગ્રે મામલે પોલીસ ફરીયાદ નોધાવાની તજવીજ હાથ ધરાઈ હતી.

## ઊંઝામાં બે પોલીસ જવાનો નશામસ્ત હાલતમાં પકડાયા

ઊંઝા પોલીસમથકમાં ફરજ બજાવતા બે પોલીસ કોન્સ્ટેબલો રાત્રિના સમયે પોતાની ફરજ પર નશામસ્ત હાલતમાં મળી આવતાં પોલીસે બન્નેની ધરપકડ કરી જેલના હવાલે કરી દેતાં પોલીસ બેડા સહિત આમ જનતામાં ભારે ચકચાર જાગી છે. પોલીસ કોન્સ્ટેબલ ભરતજી ચેહુજી તથા ટ્રેઝરી ગાર્ડ પર ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ કાનજીભાઈ ભીખાભાઈ પોતાની ફરજ દરમિયાન ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવ્યા હતા.

# પ્રાંતિજમાં મામલતદારની જગ્યા ઘણા સમયથી ખાલી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાંક સમયથી પ્રાંતિજ મામલતદારની જગ્યા ખાલી પડેલ છે અને ખાલી જગ્યા ભરવામાં ના આવતા હાલ પ્રાંતિજ સહિત તાલુકાના લોકોની કચેરીને



લગતી કામગીરીમાં મુશ્કેલીઓ ઉભી થઈ છે.

પ્રાંતિજ ખાતે આવેલ મામલતદાર કચેરી ખાતે કેટલાંય મહિનાઓથી મામલતદારની ખાલી પડેલ જગ્યા ભરવામાં આવી નથી અને આ જગ્યા માત્ર ચાર્જ ઉપર દોડે છે અને અત્યારે હાલ જેમના શિરે

● અનુસંધાન પાના - ૭ પર

# મોડાસાની ઈજનેરી કોલેજ તત્વ કોલેજમાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન

મોડાસા, તા. ૭

મોડાસાની નામાંકીત ઈજનેરી કોલેજ તત્વ ઈન્સ્ટીટ્યુટ-મોડાસા ખાતે તાજેતરમાં મીકેનીકલ એન્જીનીયરીંગ ડીપાર્ટમેન્ટ દ્વારા 'એન્ટરપ્રીન્યોશીપ ગાઈડન્સ' વિષય પર એક દિવસનો સેમીનાર યોજાઈ ગયો જેમાં પ્રો. પંકજ આહીર અને પંકજ પટેલ વિષય તજજ્ઞ તરીકે હાજર રહ્યા હતા.

બન્ને તજજ્ઞોએ વિદ્યાર્થીઓને ઉદ્યોગકાર બનવા અંગે સરકારની જુદી જુદી યોજનાઓ તથા તે અંગેની પ્રક્રિયા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. હાલના 'મેઈક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે તે અંગે વિદ્યાર્થીઓને માહીતગાર કર્યા હતા.

આ ઉપરાંત 'ઉદ્યોગ કર્મશીલ' બનવા માટેની વિદ્યાર્થીઓની મૂજવણોનું નિરાકરણ કરી વિદ્યાર્થીઓને ઈજનેરીના વિવિધ વિભાગોના ઉદ્યોગોમાંરસ પડે તેમજ ઉદ્યોગ જગતમાં અગ્રેસર થઈ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવુ પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે વિદ્યાર્થીઓને આવનાર સમયમાં અરવલ્લી જિલ્લામાં જ ઉદ્યોગો સ્થપાય અને જિલ્લો ઉદ્યોગોથી ધમધમતો થાય તે દિશામાં આગળ વધવા વિદ્યાર્થીઓનો તેમજ સમગ્ર સ્ટાફમિત્રોને કાર્યશીલ બની સંસ્થાનું તેમજ વિસ્તારનું નામ ઉજ્જવળ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

સદર કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાના આચાર્યએ બન્ને તજજ્ઞોનો



આભાર માનેલ અને વિદ્યાર્થીઓને આગળ વધી ઉદ્યોગ સાહસિકમાંથી ઉદ્યોગપતિ બનવાના આશીર્વાદ આપેલ હતા.

સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે અને પ્રિન્સિપાલ ડૉ. એચ.આર. વરીયાએ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોને ઉત્સાહભેર ભાગ લેવા માટે બિરદાવ્યા હતા અને બન્ને વિષય તજજ્ઞોને રસપ્રદ માહિતી પુરી પાડવા માટે 'એપ્રીશીએશન સર્ટીફીકેટ'થી સન્માનીત કરી આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજ ખાતે શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞ પંચરાત્રી પારાયણ કથા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ





ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રીય કથાનું પાંચ દિવસ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં મંદિરના મંહતસ્વામી ગોપાલજી વનદાસજી દ્વારા કથા સાથે સાર સમજાવતા યંત્ર યુગમાં પણ ધર્મપ્રેમી લોકો સમય કાઢીને કથા સાંભળવા ઉમટી પડે છે.

પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ ભગવાન સ્વામીનારાયણ મંદિર ખાતે પાંચ દિવસ્ય રાત્રી કથાનું આયોજન મંદિરના મહંત સ્વામી પ્રાણ જીવનદાસજીની પ્રેરણાથી મંદિર સંકુલમાં મંદિરના મંહત સ્વામી ગોપાલજીવનદાસજી દ્વારા તેમની આગવી શૈલીમાં ધર્મપ્રેમી લોકોને કથાનું રસપાન કરાવે છે અને કથાની સાથે કથામાં આવતાં પાત્રો ની સાથે કથા સ્થળ ઉપર આબોહુબ ગોવર્ધન પર્વત પણ બનાવવામાં આવ્યો હતો.

જયારે ભગવાન સ્વામીનારાયણ ભગવાનનો અન્નકુટની સાથે ગોવર્ધન પર્વત વિશે કથા દરમ્યાન ગોવર્ધન પર્વતની વિસ્તૃત માહિતી સાથે મહિમા વિશે ટુંકમાં અને સુંદર રીતે સ્વામીનારાયણ મંદિરના મંહત અને કથા વક્તા ગોપાલ જીવનદાસજી દ્વારા જાણકારી આપવામાં આવી હતી અને કથા સાંભળવા આવતાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો પણ મહંતની આગવી શૈલી અને કથા કહેવાની શૈલીથી ધર્મપ્રેમી હરિભક્તોમાં ભગતી સાથે ખુશી જોવાં મળી જયારે સમગ્ર કથાનું આયોજન મંદિરના પ્રમુખ લાલુભાઈ તથા હરિભાઈ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવ્યું છે ત્યારે કથા સાંભળવા પ્રાંતિજ સહિત આજુબાજુનાં વિસ્તારોમાંથી ધર્મપ્રેમી લોકો ઉમટી પડે છે અને ધાર્મિક જ્ઞાન લઈને ધન્યતા અનુભવે છે.

# બનાસકાંઠામાં હંગામી ઉચાપત કરનાર આચાર્યને ઘી કેળા

## માત્ર બદલી કરી છાવરવાનો કરાય છે પ્રયાસ : અમીરગઢની ટાઢોલી પ્રાથમિક શાળાના આચાર્યની સજામાં વિરમપુર બદલી : તપાસ બાદ નથી થઈ કોઈ કાર્યવાહી

બનાસ કાંઠા જિલ્લામાં શિક્ષકો ગરીબ બાળકોની શિષ્યવૃતિ ગમે ત્યારે પોતાના અંગત કામમાં લઈ મન ફાવે તેમ તેની ઉચાપત કરે છે જ્યારે કોઈ ફરિયાદ કરે ત્યારે કરવા ખાતર તપાસ કરી ગોદડી ગોટે વાળી દેવાય છે અને આવા ભ્રષ્ટચારી શિક્ષક કમ આચાર્યોને છૂટો દોર મળી જાય છે આદિવાસી વિસ્તારમાં આવા બાળકો સાથે એવું અવાર નવાર થાય છે પરંતુ પોલીસ ફરિયાદ થતી નથી.

અમીરગઢ તાલુકાની ટાઢોલી પ્રાથમિક શાળામાં થોડા સમય પહેલા ગામ લોકોએ તાળાં બંધી કરી.. ગામ લોકોની માંગ હતીકે ગામની પ્રાથમિક શાળા ના આચાર્ય શંકરભાઈ પટેલની અન્યત્ર બદલી કરવામાં આવે અને થયું પણ એવું જ. આ શંકર ભાઈ પટેલની આમિરગઢ તાલુકાનાજ વિરમપુર ગામની પ્રાથમિક શાળામાં બદલી કરવામાં આવી. અને આ વહીવટી બદલી બાદ આખી ઘટના પર પડદો પડી ગયો..

જોકે ગામના કેટલાક જાગૃત આગેવાનોએ શંકર ભાઈ પટેલે ગામની સ્કૂલ માં આચરેલા કૌભાંડો સારી રીતે જાણતા હતા અને એટલેજ આવા શિક્ષકની માહિતી એકઠી કરવાનો નીર્ધાર કરી તેની વિરુદ્ધ પુરાવા એકત્રિત કર્યા અને તેની વિરુદ્ધ તપાસ ચાલી.. આ તપાસમાં એવું સ્પષ્ટ સામે આવ્યું કે કથિત શિક્ષક શંકર ભાઈ પટેલે શાળાની સેનીટેશન ની ગ્રાન્ટનો પોતાના અંગત હિત માટે ઉપયોગ કર્યો.. અને બાળકોની શિષ્ય વૃત્તિ બાળકોના ખાતામાં જમા કરાવવાના બદલે તેમને રોકડ સ્વરૂપે ચૂકવી.. આમ કાયદાના ભંગ કરવા છતાં અને પોતે ઉચાપત આદરી હોવાનું પોતાના જ અક્ષરોમાં તપાસ નિશ અધિકારીઓને લેખિત આપવા છતાં આ આચાર્ય સામે કોઈ પણ કાર્યવાહી કરવામાં આવી નથી.. અમીરગઢ તાલુકા પંચાયતમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પદે ફરજ બજાવતા હજુરજી નામના તપાસનીશ અધિકારીએ પોતાની તપાસ પૂર્ણ કરી સમગ્ર રિપોર્ટ જિલ્લા પ્રાર્થમિક શિક્ષણાધિકારીને સોંપમ્યો છે.

હાલ હંગામી ધોરણે વિરમપુરની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શંકર ભાઈ પટેલ ને અહીં વહીવટી કામગીરી સોંપવામાં આવી છે અહીં જે આચાર્ય ફરજ બજાવે છે તેવો મોટા ભાગનું વહીવટી નાણાકીય કામ વિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા શિક્ષકનેજ સોંપે છે અને શાળા ના મુવમેન્ટ રજીસ્ટર માં તેની નોંધ પણ કરે છે તેવામાં ભ્રષ્ટચારનો સ્વાદ ચાખી ગયેલા શિક્ષકને વિરમપુરની શાળામાં પણ મલાઈ ખાવા મળે તેવું પ્રથમ દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે કેમેરા સામે પોતાની પ્રતિક્રિયા આપતા શંકરભાઈ પટેલે જણાવ્યું હતું કે પોતે કેટલીક પરિસ્થિતિ એવી આવતા નાણાં પોતાની પાસે રહી ગયા હતા તો બીજી તરફ વીરમપુરની શાળાના આચાર્ય એ જણાવ્યું હતું કે શંકરભાઈ ને જે જવાબ દારી સોંપાય છે તેની મુવમેન્ટ રજીસ્ટર માં નોંધ થાય છે. પોતે હંગામી ઉચાપત કરી છે એવું લેખિત લખી આપ્યા બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આવા શિક્ષકો અને આચાર્ય સામે કડક હાથે કેવી કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.